# LPC-1 ગુજરાતી ભાષા




મિતલ બાલધિયા
એસ.યુ.જી.કૉલેજ ઓફ એજ્યુકેશન

# એકમ-1 ધ્વનિવિચાર,સમાનાર્થી શબ્દો,વિરુદ્ધાર્થી શબ્દો



- 1.1 ધ્વનિ, વાગ્અવયવો,ઘોષ-અઘોષ,અલ્પપ્રાણ, મહાપ્રાણ
- 1.2 સ્વર,વ્યંજન,અનુનાસિકો[ઉચ્ચારણ પ્રક્રિયા]
- 1.3 સમાનાર્થી શબ્દો અને તેની આગવી અર્થછાયા
- 1.4 વિરુદ્ધાર્થી શબ્દો અને તેની આગવી અર્થછાયા

# ધ્વનિ



સરસ

સ્+અ+ર્+અ+સ્+અ


અંબા

અ+મ્+બ્+આ


હળવે

હ્+અ+ળ્+અ+વ્+એ

# ધ્વનિ



- ભાષામાં પ્રયોજાતા આવા વર્ણો એ ભાષાના નાનામાં નાના ઘટકો –એકમો ગણાય.
- ભાષાના આવા નાનામાં નાના ઘટકોએકમો ને વાચિક ધ્વનિઓ તરીકે અને પરંપરાથી એમને સ્વર અને વ્યંજન – એ રીતે ઓળખવામાં આવે છે.
- ભાષાના નાનામાં નાના ઘટકને ધ્વનિ કહેવાય છે.
- ઘટકોને વ્યાકરણમાં સ્વર અને વ્યંજન કહેવાય છે.




# વાગ્અવયવો

- વાક્ એટલે વાણી,બોલવું તે.
- તેના અવયવો એટલે વાક્+અવયવો.
- વાણી બોલવામાં ભાગ ભજવતાં અંગો તે વાગવયવો

https://www.youtube.com/watch?reload=9&v=2xZqfUg5D24

# સ્વર



જે ધ્વનિનો ઉચ્ચારણ કરવાનાં બીજા કોઈ ધ્વનિની સહાય ન લેવી પડે તેવા ધ્વનિને સ્વર તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતી ભાષામાં સાર્થ જોડણીકોશ મુજબ 13 સ્વરોને સ્વીકારી શકાય જે નીચે મુજબ છે.

**અ,આ,ઇ,ઈ,ઉ,ઊ,ઋ, ૠ,એ,ઐ,ઓ,ઔ**

- **<u>હ્રસ્વ સ્વર</u>**

જે સ્વરનું ટૂંકું ઉચ્ચારણ થાય તેવા સ્વરો હ્રસ્વ સ્વરો તરીકે ઓળખાય છે.

**અ,ઇ,ઉ,ઋ**-આ ચાર હ્રસ્વ સ્વરો છે.

- **<u>દીર્ઘ સ્વર</u>**

જે સ્વરનું લાંબું ઉચ્ચારણ થાય તેવા સ્વરો તરીકે ઓળખાય છે.

દીર્ઘ સ્વર સાત છે.

**આ,એ,ઐ,ઓ,ઔ,ઈ,ઊ,**

# વ્યંજન

જે ધ્વનિનું ઉચ્ચારણ કરવામાં સ્વરની સહાય લેવી પડે તેવા ધ્વનિને વ્યંજન તરીકે ઓળખવામાં આવે છે.

ઉદાહરણ-

ક્+અ – ક ર્+અ – ર

વ્યંજન શબ્દ વિ+અંજન નો બનેલો છે.જેમાં

વિ-વિશેષ અંજન-મેળવણી

એટલે કે જેમાં સ્વરની વિશેષ મેળવણી કરવામાં આવે તે વ્યંજન.

ગુજરાતી ભાષાના વ્યંજનોની સંખ્યા 34 છે.જેમાં વર્ગીય વ્યંજન અને અવર્ગીય વ્યંજનનો સમાવેશ થાય છે.

# સ્વર અને વ્યંજનોનું વર્ગીકરણ [વર્ણપટ]

| સ્થાન | સ્વર | | | વ્યંજન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઘોષ | | | અઘોષ | | ઘોષ | | | | અઘોષ | ઘોષ |
| | હ્રસ્વ | દીર્ઘ | સંધિ દીર્ઘ | સ્પર્શ વ્યંજન | | | | | અંતસ્થ | ઉષ્માક્ષર | |
| | | | | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | અલ્પપ્રાણ | મહાપ્રાણ | મહાપ્રાણ |
| કંઠ | અ | આ | એ-ઐ<br>કંઠ-તાલુ | ક્ | ખ્ | ગ્ | ઘ્ | ङ | - | - | હ |
| તાલુ | ઇ | ઈ | | ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ | ય્ | શ્ | - |
| મૂર્ધા | ઋ | | - | ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ | ર્ | ષ્ | - |
| દન્ત | લૃ | - | - | ત્ | થ્ | દ્ | ધ્ | ન્ | લ્ | સ્ | - |
| ઓષ્ઠ | ઉ | ઊ | ઓ-ઔ<br>કંઠ-ઓષ્ઠય | પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ | વ્<br>દંત –ઓષ્ઠય | - | - |

# વ્યંજનોનું વર્ગીકરણ [વર્ણપટ]

- અલ્પપ્રાણ વ્યંજનો –

જે વ્યંજનોના ઉચ્ચારણ વખતે ઓછી હવા લેવાની જરૂર પડે તેને અલ્પપ્રાણ વ્યંજનો કહેવાય. તેની સંખ્યા ૧૯ છે.

- મહાપ્રાણ વ્યંજનો –

જે વ્યંજનોના ઉચ્ચારણ વખતે વધારે હવા લેવાની જરૂર પડે તેને મહાપ્રાણ વ્યંજનો કહેવાય. તેની સંખ્યા ૧૫ છે.

- ઘોષ વ્યંજનો –

જે વ્યંજનોનાં ઉચ્ચારણ વખતે હવા નાંદતંત્રીઓને કંપાવીને પસાર થાય તે વ્યંજનોને ઘોષ વ્યંજનો કહેવાય. તેની સંખ્યા ૨૧ છે

- અઘોષ વ્યંજનો -

જે વ્યંજનોનાં ઉચ્ચારણ વખતે હવા નાંદતંત્રીઓને કંપાવ્યા વિના પસાર થાય તે વ્યંજનોને અઘોષ વ્યંજનો કહેવાય. તેની સંખ્યા ૧૩ છે

# સ્વર અને વ્યંજનોનું વર્ગીકરણ [વર્ણપટ]

| સ્થાન | વ્યંજન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | અઘોષ | | ઘોષ | | | | અઘોષ | ઘોષ |
| | સ્પર્શ વ્યંજન | | | | | અંતસ્થ | ઉષ્માક્ષર | |
| | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | મહા પ્રાણ | અલ્પ પ્રાણ | અલ્પપ્રાણ | મહાપ્રાણ | મહાપ્રાણ |
| કંઠ | ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ | - | - | હ |
| તાલુ | ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ | ય્ | શ્ | - |
| મૂર્ધા | ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ | ર્ | ષ્ | - |
| દન્ત | ત્ | થ્ | દ્ | ધ્ | ન્ | લ્ | સ્ | - |
| ઓષ્ઠ | પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ | વ્ દંત –ઓષ્ઠ્ય | - | - |

# આભાર

આભાર

